# શ્રી કૃષ્ણનું પોઝિટિવ પ્રોગ્રામિંગ!



આપણા બધાનાં અર્ધજાગ્રત મન કમ્પ્યૂટરની જેમ કામ કરે છે અને ભગવાને આપણા બધાનાં અર્ધજાગ્રત મનને કમ્પ્યૂટરની જેમ જોડી દઇને એક મોટું નેટવર્ક ઊભું કર્યું છે. ભગવાને બનાવેલા નેટવર્કમાં ફરક ફકત વાયરોની ગેરહાજરીનો છે.

મનુષ્યના નેટવર્કમાં કમ્પ્યૂટરને જોડવા કેબલનો ઉપયોગ કર્યો છે, જ્યારે ભગવાને બનાવેલા નેટવર્કમાં વાયરલેસ (કોર્ડલેસ) ટેકનોલોજીનો ઉપયોગ થયો છે. ભગવાનના આ નેટવર્કમાં પણ એક સર્વર છે. જેને આપણે સુપર કમ્પ્યૂટર કહીએ. 'ચિત્રગુપ્તનો ચોપડો' કહીએ છીએ.

વ્યક્તિની પોતાની મેમરીમાંથી કોઇ વસ્તુ ભુલાઇ જાય પણ આ નેટવર્કની ઉપર બેઠેલા સુપર કમ્પ્યૂટરની મેમરી-હાર્ડ ડિસ્કમાં (ચિત્રગુપ્તના ચોપડામાં) લખેલું ક્યારેય ભૂંસાતું નથી. આપણે જે કંઇ કરીએ છીએ તેનું ગુપ્તચિત્ર આપણા અર્ધજાગ્રત મનમાં અંકિત થાય છે. જેને ઉલટાવીએ તો ચિત્રગુપ્ત શબ્દ બને છે. વાસ્તવમાં યમરાજાનો ચિત્રગુપ્તનો ચોપડો આપણા અર્ધજાગ્રત મન પાસે છે!

આધુનિક વિજ્ઞાન શ્રીકૃષ્ણ જીવનનો અભ્યાસ કરતાં આશ્ચર્યચકિત થઇ ગયું છે. આજથી પાંચ હજાર વર્ષ પહેલાં જન્મેલા ભગવાન શ્રીકૃષ્ણ, મનની દરેકેદરેક અવસ્થામાં અત્યંત સ્વસ્થ અને હરહંમેશ સતેજ રહી જે રીતે જીવન જીવી ગયા છે તેનો ઊંડો અભ્યાસ કરતાં પરામનોવૈજ્ઞાનિકો અચંબામાં પડી ગયા છે.

આપણે આગળ જોયા પ્રમાણે આપણું અર્ધજાગ્રત મન એક શકિતશાળી અને ચમત્કારિક કમ્પ્યૂટર જેવું છે, પણ કમ્પ્યૂટરને ચલાવવા માટે પ્રોગ્રામની જરૂર પડે. આ પ્રોગ્રામ આપણે બે રીતે આપણા અર્ધજાગ્રત મનના કમ્પ્યૂટરમાં નાખી શકીએ : તૈયાર પ્રોગ્રામ લાવીને અથવા પોતાનું પ્રોગ્રામિંગ પોતે જ કરીને. પ્રોગ્રામિંગ બે પ્રકારનાં હોય છે. એક પોઝિટિવ પ્રોગ્રામિંગ અને બે નેગેટિવ પ્રોગ્રામિંગ. આપણે એક નેગેટિવ પ્રોગ્રામિંગનું ઉદાહરણ લઇએ.

એક ભાઇ એક વિદ્વાન જ્યોતિષી પાસે ગયા. તેમનું ભવિષ્ય જોઇને જ્યોતિષીએ તેમને ખરાબ સમાચાર આપ્યા કે એક મહિના પછી તેમનો મત્યુનો યોગ છે. આ ભાઇને આ વિદ્વાન જ્યોતિષી ઉપર ખૂબ શ્રદ્ધા હતી. તેથી તેમણે તેમની આ વાતને સાચી માની લીધી અને એક મહિનો વિચાર, વાણી અને વર્તનથી મૃત્યુલક્ષી જીવન જીવ્યા. એટલે કે તેમના વિચાર, વાણી અને વર્તનમાં બસ મોત જ નજર સમક્ષ દેખાતું હતું. બરાબર એક મહિના પછી આ ભાઇનું હાર્ટએટેકથી મૃત્યુ થયું આ થયો

રેડિમેડ પ્રોગ્રામ.

જયારે જયોતિષીએ તેમને કહ્યું કે એક મહિના પછી તમારું મત્યુ છે, ત્યારે તેમણે જાગ્રત મનથી એ વાત સ્વીકારી ના હોત અને અર્ધજાગ્રત મન સુધી આ વાત પહોંચવા ના દીધી હોત તો આવો અંત ન આવત. તેમણે જયોતિષીનું આ સૂચન જાગ્રત મનરૂપી દરવાન પાસેથી અર્ધજાગ્રત મન સુધી પહોંચવા દીધું અને પછી એક મહિના સુધી વિચાર-વાણી-વર્તન દ્વારા પોતે અર્ધજાગ્રત મનને મોતનાં સૂચનો કર્યાં. આવા ઘણા ખોટા પ્રોગ્રામ તમારા અર્ધજાગ્રત મન સુધી પહોંચી જશે. તો આવા પ્રોગ્રામોથી સાવચેત રહેજો.

હવે આપણે પોઝિટિવ પ્રોગ્રામિંગનું ઉદાહરણ લઇએ. શ્રીકષ્ણે મથુરા પ્રવેશ બાદ કુબ્જા-ત્રિવક્રાને કેવી સરસ રીતે હકારાત્મક લાગણીરૂપી સૂચનો આપી તેના સ્વરૂપને નવજીવન બક્ષ્યું એ ઉદાહરણ અહીં રસપ્રદ બની રહેશે. ત્રિવક્રા હતી તો સુડોળ, પણ નાનપણે આવેલી માંદગીને લીધે કમનસીબે તેના મનમાં વાંકા વળીને ચાલવાનો નકારાત્મક વિચાર ઘૂસી ગયેલો તેથી તે વાંકી ચાલતી હતી એટલે તે બેડોળ લાગતી હતી. ત્રિવક્રા કંસની સેવિકા હોવા છતાંય શ્રીકૃષ્ણને કંસના માટેનો અનામત રાખેલો ચંદનલેપ કરે છે.

‘સુંદરી, કંસનો ભય નથી લાગતો તને?’ શ્રીકષ્ણે હસતાં હસતાં પૂછ્યું. ‘ભગવાને મને રૂપ જ આપ્યું નથી. પછી સુંદરી કહી લોકોની હાંસીપાત્ર એવી આ દાસીને તમે વધારે ઉપહાસ શા માટે કરો છો? ત્રિવક્રાએ કહ્યું ‘સુંદરી.’

શ્રીકષ્ણે કહ્યું, ‘તું એકદમ વાંકા વળીને ઊભી રહેવા અને ચાલવાને બદલે ટટ્ટાર ઊભી રહે અને ટટ્ટાર ચાલ. તું સુંદર બની જઇશ!’ આ શબ્દોમાં જાણે આજ્ઞાનું બળ હતું. ત્રિવક્રાને જાણે પોતે સુંદર જ હોય એવું માનવાનું મન થયું. આ શબ્દો એના કાન પર પડયા અને વર્ષોથી નમીને ચાલવાને કારણે બેવડ વળી ગયેલી ત્રિવક્રા ટટ્ટાર થઇ ગઇ અને એનો દેહ કોઇ અનોખી સ્ફૂર્તિથી રણઝણી રહ્યો.

મનુષ્ય પોતાના મનની શકિતનો ઉપયોગ કરીને મહાન બની શકે છે અને ઉપયોગ ન કરે તો તે સામાન્ય માણસ બની રહે છે.

**- લેખક ભૌતિકશાસ્ત્રના પૂર્વ અધ્યાપક અને અમરનાથધામના મેનેજિંગ ટ્રસ્ટી છે.**